Received on : 11-06-2026
Registered on : 11-06-2026
Decided on : 18-06-2026
Duration : Y M D
- - 07

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૪૭૨/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

**<u>અરજદાર/આરોપી.</u>** આશીષ રમેશભાઈ જાદવ,
ઉ.વ.આ.૩૭, ધંધો–દરજીકામ,
રહે. મધુરમ, જુનાગઢ.
હાલ – જીલ્લા જેલ જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ વચગાળાની જામીન અરજી.

**ગુન્હો :–** એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી),(૨૯) મુજબ.

**સંદર્ભ :–** માંગરોળ પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૩૮૨૫૦૪૦૩/૨૫.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી જે.એન.પંડયા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી એમ.પી.વાઘેલા

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ માંગરોળ પો.સ્ટે.ગુ.રજી. નં.૧૧૨૦૩૦૩૮૨૫૦૪૦૩/૨૫, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(સી),(૨૯) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, વચગાળાના જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે દિન-૩૦ ના વચગાળાની જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.પી.વાઘેલાનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી આર.ડી.રોહીત, પોલીસ સબ ઈન્સ્પેકટર, માંગરોળ પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એન.પંડયાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામે માંગરોળ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૫૦૪૦૩/૨૫, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(સી),(૨૯) મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી લાંબા સમયથી જેલમાં રહેલ છે. અરજદાર/આરોપીના પિતા ડાયાબીટીસથી પીડાઈ છે અને તે કારણસર તેમને અગાઉ ડાબો પગ સાથળથી કાપવો પડેલ હતો જયારે હાલમાં અરજદાર/આરોપીના પિતાના જમણા પગની ઘુંટીની નીચે મોટું ઘારૂ પડેલ છે અને તે કારણસર તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સીવીલ હોસ્પિટલ જુનાગઢ ખાતે અંદરના દર્દી તરીકે દાખલ થવાની ફરજ પડેલ. વધુમાં અરજદાર/આરોપીના પિતાના જમણા પગમાં સડો વ્યાપી ગયેલ હોય તે દુર કરવા કાર્યવાહી થયેલ છે. વધુમાં અરજદાર/આરોપીના પિતાની સારવાર દરમ્યાન હાજર રહેવા માટે હાલના કામના અરજદાર/આરોપીને દિન-૩૦ ના જામીન આપવા જણાવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીના માતાએ આંક-૦૬ થી સોગંદનામું રજુ કરી

તેઓ એકલા તેમના પતિની સારવાર માટે મદદરૂપ થઈ શકે તેમ નથી જેથી જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.પી.વાઘેલાનાઓએ અભિપ્રાય મુજબની રજુઆત કરી હાલની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ ધ્યાને લીધું. હાલની અરજી અરજદાર/આરોપી તરફે તેઓના પિતા ડાયાબીટીસથી પીડાઈ છે તેમજ તેઓનો ડાબો પગ સાથળથી કાપવામાં આવેલ છે અને તેઓને જમણા પગમાં મોટું ઘારૂ થઈ ગયેલ હોય અને તે પગની સારવાર માટે અથવા તો દુર કરવાની કાર્યવાહી કરવાની જરૂર ઉપસ્થિત થયેલ છે જેથી દિન–૩૦ ના વચગાળાના જામીનની માંગણી કરેલ છે. હાલના કામના અરજદાર/આરોપીએ જણાવ્યા મુજબ તેઓના ઘરે તેઓ એકમાત્ર તેઓના પિતાની દેખભાળ રાખે તેમ હોવાનુ જણાવેલ છે. જો કે, તપાસ કરનાર અધિકારીના આંક–૦૭ ના રીપોર્ટ મુજબ અરજદાર/આરોપીના ઘરે અરજદાર/આરોપીની માતા, તેમના ભાઈ અને અન્ય સભ્યો પણ હાજર હોવાનુ જણાવેલ છે. આમ, તે સંજોગોમાં અરજદાર/આરોપીના પિતાની હાલના કામના અરજદાર/આરોપી સિવાય અન્ય કોઈ આધાર નથી તે ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનો આક્ષેપીત ગુનો ધ્યાને લેવામાં આવે તો એન.ડી.પી.એસ. એકટ હેઠળના રહેલ છે. વધુમા રેકોર્ડ ધ્યાને લેતા હાલના કામેના આરોપી તથા અન્ય આરોપી પાસેથી એમ.ડી.ડ્રગ્સનો કુલ જથ્થો પર.૨૭ ગ્રામ મળી આવેલ છે. જેથી સદરહુ જથ્થો ધ્યાને લેતા તે કોમર્શીયલ કવોન્ટીટીનો રહેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તથા સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા આ

કામે અરજદાર/આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવાનું ન્યાયીક અને ઉચિત જણાતું ન હોય, જામીન અરજી નામંજુંર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

- હાલના અરજદાર/આરોપી આશીષ રમેશભાઈ જાદવ, રહે.ગાય ચોગાન, ગોપાલ લાલજી મંદીરની સામે, માંગરોળવાળાની માંગરોળ પો.સ્ટે.ગુ.રજી. નં.૧૧ ૨૦૩૦૩૮૨૫૦૪૦૩/૨૫, એન.ડી.પી.એસ.એકટનીકલમ-૮(સી), ૨૨(સી) , (૨૯) મુજબના ગુનાના કામની હાલની વચગાળાની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)